
ગુજરાતમિત્ર

# શો ટાઈમ

ગુરુવાર ૬ નવેમ્બર, ૨૦૨૫




હિમેન ધર્મેન્દ્રના જીવનની ભાગદોડ Pg.2



'Irreplaceable' રશ્મિકાની અજાણી વાતો... Pg.4

# RK ફિલ્મ ફરી 'આગ' લગાવશે

ટૉક ઑફ ધી ટાઉન



**રાજ કપૂરનો પૌત્ર રણબીર કપૂર આઇકોનિક R.K. સ્ટુડિયો ફરીથી લોન્ચ કરવા માટે તૈયાર હોવાનું કહેવાય છે. એક અહેવાલ મુજબ, રણબીર કપૂર મુંબઈમાં R.K. ફિલ્મ્સ માટે નવી જગ્યા બનાવતા પહેલા એક મજબૂત ક્રિએટિવ લાઇન-અપ બનાવવાની યોજના બનાવી રહ્યા છે અને કઈ ફિલ્મો બનાવશે તેની તૈયારી કરી રહ્યો છે!**

એક સમય હતો જ્યારે આખેઆખી ફિલ્મનું નિર્માણ કોઈ ચોક્કસ જગ્યાએ, દીવાલોની વચ્ચે, નકલી સેટની મદદમાં કરવામાં આવતું. જેમાં પ્રભાત ફિલ્મ કંપની (પૂના), ન્યુ થિયેટર (કલકત્તા) અને બોમ્બે ટોકીઝ (બોમ્બે) એ ફિલ્મો બનવી દેશના સિનેમામાં રાજ કર્યું. આ સ્ટુડિયો કરતા ફેક્ટરીઓ વધારે હતી, જ્યાં કલાકારો અને ટેકનિશિયનો પગાર માટે કામ કરતા હતા. અશોક કુમાર, દુર્ગા ખોટે, K.L. સાયગલ, દિલીપ કુમાર, મધુબાલા, વ્હી. શાંતારામ અને P.C. બરુઆ જેવા દિગ્ગજો આ સિસ્ટમમાંથી ઉભરી આવ્યા હતા. જેમની સાથે મળી હતી ભારતીય સિનેમાની અદભુત ફિલ્મો. આ જ ફિલ્મના સર્કસમાં આગળ જતા મળ્યા આવારા રાજકુમાર જે 22 વર્ષના છોકરાએ પોતાની મનમરજીની ફિલ્મ બનવા આખો સ્ટુડિયો બનવી દીધો જેમાંથી આપણને 'બરસાત', 'આવારા', 'બૂટ પોલિશ', 'શ્રી 420', 'જાગતા રહો', 'માય નેમ ઈઝ જોકર', 'સત્યમ શિવમ સુંદરમ', 'બોબી', 'પ્રેમ રોગ', 'રામ તેરી ગંગા મૈલી' જેવી ફિલ્મ જોવા મળી પણ જે R.K. સ્ટુડિયો આગમાં ખાખ થઇ ગયો હતો, જે 2019માં જ વેચાઈ ગયો તે હવે ફરી જીવિત થવાનો છે.

તો 'ટૉક ઑફ ધી ટાઉન' છે કે રાજ કપૂરનો પૌત્ર રણબીર કપૂર આઈકોનિક R.K. સ્ટુડિયો ફરીથી લોન્ચ કરવા માટે તૈયાર હોવાનું કહેવાય છે. એક અહેવાલ મુજબ, રણબીર કપૂર મુંબઈમાં R.K. ફિલ્મ્સ માટે નવી જગ્યા બનાવતા પહેલા એક મજબૂત ક્રિએટિવ લાઇન-અપ બનાવવાની યોજના બનાવી રહ્યા છે અને કઈ ફિલ્મો બનાવશે તેની તૈયારી કરી રહ્યો છે! સૂત્રો મુજબ રણબીર હજુ સુધી સ્ટુડિયો બનાવવા માટે ઉતાવળ કરી નથી કરી રહ્યો. હાલમાં તેની પ્રાથમિકતા છે બ્રાન્ડને ફરીથી સ્થાપિત કરવાની. બાદમાં તે એક એવી જગ્યા બનાવશે જેમાં પ્રોડક્શન હાઉસની ઓફિસ હોઈ શકે.

આ RK ફિલ્મ્સના બેનર હેઠળ 3 ફિલ્મો કરવાની તૈયારીઓ શરૂ પણ થઇ ગઈ છે. જેમાં એક તો રણબીર કપૂર પોતે દિગ્દર્શક તરીકે બનાવશે, ઉપરાંત વધુ બે પ્રોજેક્ટ્સ આ બેનર હેઠળ રિલીઝ થવાના છે. એક બ્રહ્માસ્ત્ર: પાર્ટ વન પછી અયાન મુખર્જી સાથે વડધું એક ફિલ્મ હશે. તો અનુરાગ બાસુ દ્વારા દિગ્દર્શિત ફિલ્મ, કિશોર કુમારની બાયોપિક પણ RK બેનર હેઠળ જ બનવાની ગણતરી છે, જેમાં આમિર ખાન પણ મુખ્ય ભૂમિકા ભજવશે (તેવી અફવા છે).

ચેમ્બુરમાં R.K. સ્ટુડિયોને મે 2019 માં ગોદરેજ પ્રોપર્ટીઝ દ્વારા હસ્તગત કરવામાં આવ્યો હતો. તે જ વર્ષે, રણબીર કપૂરના કાકા અને પ્રખ્યાત નિર્માતા રણધીર કપૂરે અણધાર્યા કારણોસર R.K. સ્ટુડિયો વેચવા વિશે ખુલાસો કર્યો.


2017 માં લાગેલી આગ પછી સ્ટુડિયો તોડી પાડવાનું અનિવાર્ય બની ગયું હતું. "આજે રસ્તાઓ અને ટ્રાફિકની સ્થિતિને કારણે, કોઈ પણ એક્ટર સ્ટુડિયોમાં શૂટિંગ કરવા માટે ચેમ્બુર આવતો નથી. ખૂબ જ ભારે હૃદય સાથે, અમે તેને જવા દેવાનું નક્કી કર્યું છે. મારો આખો પરિવાર કપૂર ખૂબ જ દુઃખી છે, પરંતુ બીજો કોઈ રસ્તો નથી."

હવે ફરી ભૂતકાળમાં ડોકિયું કરીએ તો આઝાદીની સાથે જ R.K. સ્ટુડિયાનો પાયો નંખાયો. ભાગલાની દુર્ઘટનાએ સિનેમા ઈન્ડસ્ટ્રીને હચમચાવી નાખી હતી જેની ફિલ્મ સ્ટુડિયોને પણ અસર થઈ. ત્યાર સુધીમાં, સ્ટુડિયો દ્વારા પગાર પર રહેલા સ્ટાર કલાકારો અને દિગ્દર્શકોને સમજાયું હતું કે તેઓ જાતે જ મોટી બ્રાન્ડ છે. પૃથ્વીરાજ કપૂર ફ્રીલાન્સિંગ મોડેલ અપનાવીને સફળતાની સીડી ચઢી ચૂક્યા હતા. પૃથ્વીરાજ કપૂરનો દીકરો રાજ, ફિલ્મ બનાવના સપના જોઈ રહ્યો હતો. ખૂબ જ નાની ઉંમરે તેણે ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું. પરંતુ રાજ કપૂર ફક્ત ઍક્ટર બનવા માંગતા ન હતા; તેમને ફિલ્મ મેકિંગ અને ડિરેક્શનનો પણ શોખ હતો. જ્યારે રાજ કપૂરે નિર્માતા-દિગ્દર્શક તરીકેની તેમની પહેલી ફિલ્મ "આગ" બનાવવાનું નક્કી કર્યું ત્યારે તેમની પાસે ફક્ત 13,000 રૂપિયા હતા. પૃથ્વી થિયેટરમાં કામ કરતા હતા મેકઅપ આર્ટિસ્ટ, અભિનેતા અને ડાન્સરોને તેમાં જોડ્યા પૃથ્વી થિયેટરના સ્ટાફના સામૂહિક પ્રયાસોએ રાજ કપૂરને તેમના સ્વપ્નને સાકાર કરવામાં મદદ કરી. રાજે આ ફિલ્મમાં નાયિકાની ભૂમિકા ભજવવા માટે નરગિસને પસંદ કરી. જે મહેબૂબ ખાનની ટીમનો ભાગ હતી અને સ્ટાર હતી.


22 વર્ષીના રાજ કપૂરે અભિનેતા તરીકે વધુ સફળતા મેળવી ન હતી અને દિગ્દર્શક તરીકે પહેલી ફિલ્મ કરવાના હતા, રાજ કપૂરે ઈસ્ટર્ન સ્ટુડિયોમાં 'આગ' બનાવી. જેમાં ત્રણ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો, જે તે સમયે ખૂબ મોટી રકમ હતી. આગ એ સપનાને ખાખ કર્યા. તે હિટ થઇ નહીં. તો પણ 'આગ' પછી રાજે 'બરસાત' બનાવવાનું નક્કી કર્યું. પરંતુ કોઈ પણ ફાઈનાન્સર રોકાણ કરવા માંગતા ન હતા. ત્યારે તેમના પિતા, પૃથ્વીરાજ કપૂર તેમની મદદ માટે આવ્યા. 1949 માં રિલીઝ થયેલી, "બરસાત" એ સફળતાના અગાઉના બધા રેકોર્ડ તોડી નાખ્યા અને તે સમયની સૌથી મોટી હિટ ફિલ્મ બની. બરસાત તેમની બીજી ફિલ્મ હતી અને નરગિસ સાથેની તેમની જોડી સુપરહિટ સાબિત થઈ. આ નવી સફળતાએ રાજ કપૂરને સ્ટુડિયો બનાવવાના તેમના સ્વપ્નને પૂર્ણ કરવા માટે હિંમત અને પૈસા આપ્યા. એટલે રાજ કપૂરે નરગિસ અને પૃથ્વીરાજ કપૂર સાથે તેમની ફિલ્મ "આવારા" ની પણ જાહેરાત કરી. "આવારા" નું નિર્માણ આશા સ્ટુડિયોમાં કરવામાં આવ્યું હતું અને આવારાને કારણે R.K. સ્ટુડિયો બન્યો. નરગિસજી સ્વિમિંગ કોસ્ચ્યુમમાં તળાવમાં જશે તેવો સીન રાજ સા'બ શૂટ કરી રહ્યા હતા. ત્યારે "નરગિસજી ઘણા લોકોની સામે સ્વિમિંગ કોસ્ચ્યુમ પહેરવામાં ખચકાટ અનુભવતા હતા. ત્યારે નરગિસજીને મનાવવા માટે રાજ સા'બે પરવાનગી વગર આશા સ્ટુડિયોમાં જમીન ખોદી નાખી અને શૂટિંગ માટે એક તળાવ બનાવડાવ્યું. સ્ટુડિયો માલિકોને ખબર પડતા આ માટે રાજ કપૂરને સખત ઠપકો આપ્યો અને એંસી હજાર રૂપિયાનો ભારે દંડ માંગ્યો.

રાજ કપૂરે સ્ટુડિયોનો દંડ ભર્યો, પરંતુ આ બાબત તેમના પર ભારે અસર કરી ગઈ. પોતાના સપનાઓની ફિલ્મને આકાર આપવા માટે, રાજ કપૂરને એવી જગ્યાની શોધમાં લાગ્યા.

તેમણે સ્ટુડિયો માલિકોને કહ્યું, "હું આ સ્ટુડિયોમાં ફરી ક્યારેય શૂટિંગ કરીશ નહીં." તેમણે "આવારા" નું બાકીનું શૂટિંગ બોમ્બેના ચેમ્બુર વિસ્તારમાં સ્થિત શ્રીકાંત સ્ટુડિયોમાં કર્યું. તે શ્રીકાંત સ્ટુડિયો પાસે બે એકર જમીન ખાલી પડી હતી. રાજ કપૂરને તેમના સ્ટુડિયો માટે જમીન ગમતી હતી. તે સમયે જમીનની કિંમત 1.5 લાખ રૂપિયા હતી પણ તેમની પાસે એટલા પૈસા નહોતા. છતાં, R.K. સ્ટુડિયો બનાવવા માટે જમીન ખરીદી અને આમાં રાજને ટેકો આપનાર નરગિસ, તેમના જીવન અને તેમની ફિલ્મોનો અભિન્ન ભાગ બની ગઈ હતી. એટલી બધી કે જ્યારે સ્ટુડિયોમાં પૈસા ખતમ થઈ ગયા, ત્યારે નરગિસે પોતાની સોનાની બંગડીઓ વેચી દીધી. R.K. ફિલ્મ્સની ખાલી તિજોરી ભરવા માટે તેમણે અન્ય નિર્માતાઓ માટે ફિલ્મોમાં પણ કામ કર્યું. ●



## ફિલ્મનું અડધુ બજેટ = કાર્તિકની ફી!



બોલિવૂડમાં સૌથી વધુ ચર્ચાતુ નોન નેપૉકિડ નામ એટલે કાર્તિક આર્યન. જે હવે સ્ટારફેસ બની ગયો છે અને આ સારા ફેસની સાથે એક સ્ટાર વેલ્યુ પણ આવે જે તેમને તેમની આવનારી ફિલ્મમાં પ્રોડ્યુસરો ચુકવતા હોય છે. પણ હમણાં જે કિસ્સો કાર્તિકના કરિયરમાં બન્યો તે જાણીને ઘણા બધા સ્ટાર્સને જલસી ફીલ તો થવાની અને સાથે સવાલ પણ ઉઠવાના કે આતે કેમનું થઇ શકે.. બોલિવૂડના પ્રોડ્યુસરોનું ગણિત કઈ રીતે કામ કરે છે તે જાણવા કોઈ ગણિતજ્ઞને મળવું પડે. તો થયું એમ કે હમણા કાર્તિકની એક ફિલ્મ આવી રહી છે. તું મેરી મેં તેરા- જેમાં તેની સાથે અનન્ય હશે અને ફિલ્મ 25 ડિસેમ્બરે રિલીઝ થવાની છે. જેની અત્યારથી ખૂબ હાઈપ બનાવાઈ રહી છે. જેને કરન જોહરના ધર્મા પ્રોડક્શને પ્રોડ્યુસ કરી છે. આ ફિલ્મનું ટોટલ બજેટ 80 કરોડ હોવાના રિપોર્ટ્સ છે. તો સામે ભૂલભૂલૈયાના 'ધમાકા' પછી ચેમ્પિયન બનેલા ચંદુએ પોતાની ફીઝ વધારી દીધી હતી અને જે લગભગ 50 કરોડ જેટલી છે. એટલે હવે 80 કરોડની ફિલ્મમાંથી 50 કરોડ જો કાર્તિકને ચૂકવામાં આવતા હોય તો મતલબ કે 30 કરોડમાં બાકીની ફિલ્મ બની! ●



## ડિરેકશન કરતા વધુ પૈસા વ્લોગિંગમાં મળે

યુટ્યુબ પર લગભગ 2.4 મિલિયન સબ્સ્ક્રાઇબર્સ ધરાવતી આ ડાન્સર, કોર્યોગ્રાફર, ડિરેક્ટર, એક્ટર, જજ, અને બીજી ઘણી આવડત ધરાવતી ફરહાએ ગયા વર્ષે વ્લોગિંગમાં સાહસ કર્યું. તેના રસોઈયા દિલીપ સાથેના વ્લોગ્સ ખૂબ વાયરલ થયા. જેણે ફરહાની ઘંટી ચાલુ રાખી. અને એનાથી કેટલી કમાણી થઇ તે જાણો છો? એક પોડકાસ્ટમાં, ફરહાએ સ્વીકાર્યું કે આ કોન્ટેન્ટ ક્રિએશનથી તેને ફિલ્મ બનવવા કરતાં પણ વધુ પૈસા મળે છે! ફરાહે જ્યારે આમ કહ્યું ત્યારે પોડકાસ્ટમાં સામે બેસેલી સાનિયાએ કહ્યું, "આ એક વ્યક્તિ કહી રહી છે જેણે 300 કરોડ રૂપિયાની ફિલ્મ બનાવી છે." શાહરૂખ ખાન સાથે "મૈં હૂં ના" થી દિગ્દર્શન શરૂ કરનારી ફરાહે ઓમ શાંતિ ઓમ અને હેપ્પી ન્યૂ યર જેવી હિટ ફિલ્મો આપી - છેલ્લી ફિલ્મે બોક્સ ઓફિસ પર 383 કરોડ રૂપિયાથી વધુ કમાણી કરી હતી. તેનું કહેવું છે કે વ્યક્તિગત રીતે, ફરહાએ કન્ટેન્ટ ક્રિએશનમાં સૌથી વધુ પૈસા કમાયા છે. પરંતુ જો તમે મને પૂછો કે હું શું કરવા માંગુ છું, તો તે દિગ્દર્શન હશે. અગાઉ, ફરહાએ જણાવ્યું હતું કે યુટ્યુબમાંથી થતી કમાણીમાં દિલીપને ભાગ આપવામાં આવી રહ્યો છે. ●



## બચ્ચન પરિવાર વહુની બર્થડે ભૂલ્યું?

મોટા ઘરની વહુ ઐશ્વર્યા અને બચ્ચન પરિવાર વચ્ચેની કહાની, ઘરઘરમાં જાણીતી છે કે સાસુ-વહુ વચ્ચે કઈ ઠીક નથી અને આ બાબતમાં ક્યારેક અભિષેકનું પણ નામ જોડાય છે. જોકે આ નામ બદનામ થવા પાછળ ઘણા કિસ્સાઓ બનતા હોય છે જેમ કે ઐશ્વર્યનું દીકરી આરાધ્યા સાથે એકલા ફરવા જવું કે ક્યાં પણ બચ્ચન પરિવાર સાથે જાહેરમાં દેખાવવું નહિ અને આવામાં એક નવો કિસ્સો બન્યો જેનાથી ફરી બચ્ચન પરિવારની વાતો બોલિવૂડ કરી રહ્યું છે. હાલમાં પહેલી નવેમ્બરે તેમની કુલવધૂ ઐશ્વર્યા રાય બચ્ચનની બાવનમી વર્ષગાંઠ હતી. એ દિવસે ઐશ્વર્યાને સોશ્યલ મીડિયા પર ફૅન્સ તરફથી ઘણી બધી શુભેચ્છાઓ મળી પણ બચ્ચન-પરિવારમાંથી કોઈએ સોશ્યલ મીડિયા કે પબ્લિક પ્લૅટફૉર્મ પર ઐશ્વર્યાને શુભેચ્છા આપી નહોતી! અમિતાભ બચ્ચન, અભિષેક બચ્ચન, જયા બચ્ચન અને શ્વેતા નંદા એમ તમામ સભ્યો સોશ્યલ મીડિયા પર ખૂબ ઍક્ટિવ છે ત્યારે તેમનું આમ કરવું આશ્ચર્યનું કારણ બન્યું છે. જો કે બર્થડેની સાંજે સસરા અમિતાભ દ્વારા એક પોસ્ટ કરવામાં આવી હતી જેમાં આશીર્વાદ કરતા શિખામણ વધારે વંચાઈ હતી. અમિતાભ બચ્ચનની આ પોસ્ટ ઐશ્વર્યા રાયના જન્મદિવસ સાથે જોડાયેલી માનવામાં આવી રહી છે, જોકે બિગ બીએ ક્યાંય પણ ઐશ્વર્યાનું નામ લઈને શુભેચ્છા પાઠવી નથી. તેમણે લખ્યું T 5550 -જીવન એક મહત્વનો શિક્ષક છે; જો તમે તેણે શીખવેલા પાઠ નહીં શીખો, તો તે તમને ફરીથી શીખશે! તમને જણાવી દઈએ આમ પહેલી વાર નથી થયું ગયા વર્ષે પણ આ જ રીતે બચ્ચન પરિવારે સોશ્યલ મીડિયાથી દૂર રહી ઐશ્વર્યાનો બર્થડે ચર્ચિત બનાવ્યો હતો! ●